ગાંધીનગર સમાચાર

# શહેરમાં પલ્સ પોલિયોમાં ધીમી ગતિનો પ્રતિસાદ





ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પલ્સ પોલિયોને જબરજસ્ત પ્રતિસાદ સાંપડ્યો હતો જેની તુલનામાં શહેરી વિસ્તારોમાં ક્યાંક સારો તો ક્યાંક મંદો ઉત્સાહ જોવા મળ્યો હતો.

૧૯૯૫થી અમલમાં મુકાયેલ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત જિલ્લામાં આજે એક હજારથી વધુ બુથ ઉભા કરાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં બુથ કવરેજ ૮૭થી ૯૦ ટકા જેટલું નોંધાયું છે જ્યારે શહેરી વિસ્તારોમાં બુથ કવરેજ ૬૮ થી ૭૦ ટકા જેટલુ નોંધાયું છે.

પલ્સ પોલિયો અભિયાનમાં

## ગ્રામ્ય વિસ્તારમાં જબરજસ્ત પ્રતિસાદ

રહી ગયેલા બાળકોને આગામી બે દિવસમાં ટીમો ઘરે ઘરે ફરીને આવરી લેશે. ૦ થી ૫ વર્ષના બે લાખ જેટલા બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક છે. આજે વહેલી સવારથી જ આ અભિયાનનો આરંભ થયો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં બપોર સુધીમાં જ ૫૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ ગઈ હતી. શહેરી વિસ્તારોમાં બપોર સુધી આ કામગીરી ૩૫ ટકા જેટલી નોંધાઈ હતી.

તંત્ર દ્વારા નિમાયેલ સુપરવિઝનની ટીમોએ આ પછી સઘન રાઉન્ડ શરૂ કરતાં શહેરી વિસ્તારોમાં ટકાવારી ૭૦ ટકા જેટલી થઈ હોવાનું જાણવા મળેલ છે.

આજે સવારે નવ વાગ્યે કોમ્યુનીટી સેન્ટર ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલ, રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી તથા મેયર શ્રીમતિ હંસાબેન મોદીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

શહેરી વિસ્તારમાં રવિવારની રજાનો મુડ હોવાથી મોડા ઉઠવાની ટેવોને કારણે બુથ કવરેજ ઓછુ થયુ હોવાનું મનાઈ રહ્યું છે એટલું જ નહિ શહેરી વિસ્તારમાં ઉદાસીન વલણ પણ અભિયાન દરમ્યાન જોવા મળ્યું છે.

લગ્નસરા અને અન્ય કાર્યક્રમો તેમજ કામે જવાની ઉતાવળને લઈ ગ્રામ્ય વિસ્તારમાં આ અભિયાનને સારો પ્રતિસાદ જોવા મળ્યો છે. જિલ્લાના કેટલાક કેન્દ્રોમાં તો ૯૦ ટકાથી પણ વધુ બુથ કવરેજ નોંધાવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# પોલીસતંત્ર બાદ હવે વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારોના ભણકારા

ગાંધીનગર, તા.૧૭

રાજયના પોલીસ તંત્રમાં ફેરફારોનો દોર શરૂ કરવામાં આવ્યા બાદ હવે ટૂંક જ સમયમાં વહીવટી તંત્રમાં પણ ધરખમ ફેરફારો કરીને આઈ.એ.એસ. અધિકારીઓની બદલી અને બઢતીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જિલ્લા તંત્રને વધુ ગતીશીલ અને કાર્યક્ષમ બનાવવા માટે જિલ્લા કક્ષાએ વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક જિલ્લાઓમાં કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી કક્ષાના અધિકારીઓને એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતા

## મોટા ભાગના જિલ્લા કલેકટર બદલાશે

સામાન્ય વહીવટી વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લાઓમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં યોજાયેલી જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપનો કારમો પરાજય થવા પામ્યો હતો. આ પરાજય પાછળનું એક કારણ જિલ્લા કક્ષાએ જિલ્લા તંત્રની યોજનાઓની નબળી કામગીરી પણ હોવાનું ધ્યાન પર આવવા પામ્યું હતું. આથી વધુ સમય થઈ ગયો છે. આથી આ અધિકારીઓની યાદી તૈયાર કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં રાજયના ૧૨ જેટલા ગેસ કેડરના અધિકારીઓને આઈ.એસ. કેડરમાં બઢતી આપવામાં આવતા આ અધિકારીઓને પણ નિમણુંક આપવાની બાકી છે. આથી ટૂંક સમયમાં જ રાજયમાં જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સંવર્ગના આઈએએસ અધિકારીઓની બદલી અને બઢતીનો દોર ટૂંક સમયમાં હાથ ધરીને વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# મહુડી-વિજાપુર માર્ગને પણ ફોરલેન બનાવાશે

ગાંધીનગર તા ૧૭

પેથાપુર મહુડી માર્ગને ફોરલેન કરવાનુ કામ પુર્ણ થયા બાદ હાલ મહુડી વિજાપુર માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ માર્ગને ફોરલેન કરવા માટે અંદાજિત ૨૫૦ જેટલા વૃક્ષો કાપવા પડે તેવી સ્થિતિ છે. મહુડી પ્રવાસન પથને ચકાચક બનાવી દેવાતા યાત્રાળુઓની હાલાકીનો પણ અંત આવ્યો છે.

ગાંધીનગરથી મહુડી માર્ગને પ્રવાસન પથ જાહેર કરાયા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા વર્ષો અગાઉ આ માર્ગના વાઈડનીંગનુ કામ કરવામાં

## ૨૫૦ જેટલા વૃક્ષો કપાશેઃ વનવિભાગની મંજુરી વૃક્ષો દુર કરાયા બાદ કામમાં ગતિ આવશે

આવ્યુ હતુ. જયારે આ માર્ગ પર ટ્રાફિકની વિશેષ અવર જવર રહેતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ ભયજનક સ્થિતિ ઉભી થઈ હતી. આ રૂટમાં મહુડી તિર્થધામને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગને ફોરલેન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જયારે આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા સેંકડો વૃક્ષો પણ દુર કરવા પડયા હતા.જયારે મહુડી માર્ગને આગળ વિજાપુર સુધી ફોરલેન કરવાનો નિર્ણય લેવાતા તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રવાસન પથમાં વિજાપુર સુધીના રોડનેટવર્કને અપગ્રેડ કરવાનુ આયોજન કરવામાં આવતા તંત્ર દ્વારા પણ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત ૨૫૦ જેટલા વૃક્ષો કાપવા પડશે તંત્ર દ્વારા વન વિભાગની મંજુરી મેળવી જરૂરી વળતરની રકમ પણ ચુકવી દેવામાં આવી છે. આગામી દિવસોમાં વૃક્ષો દુર કરવાની કામગીરી બાદ માર્ગને ફોરલેન કરવાનુ કામ ટુંકમાં પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લામાં નબળી કામગીરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૨૯,૮૨૭ શચાલયો બની શકયા છે જયારે હજુ ૫૮,૯૪૦ આવાસોમાં શૌચાલયો બાકી છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે દહેગામમાં ૨૮,૫૯૯, ગાંધીનગરમાં ૨૭,૦૬૯, કલોલમાં ૧૫,૫૦૩ અને માણસામાં ૧૭,૧૯૬ મળી કુલ ૮૮,૩૬૭ મકાનોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ન હતી.

જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયની સુવિધા દરેક ઘરે ઉપલબ્ધ બને તે માટેના

## જિલ્લામાં ૫૮,૯૪૦ આવાસોમાં આજે પણ શૌચાલય નથી : ત્રણ વર્ષમાં માત્ર ૨૯,૮૨૭ આવાસોમાં શૌચાલય બની શક્યા : ગ્રાન્ટની અછત, બિલોનું ચુકવણુ વિલંબથી તેમજ શૌચાલય માટે બે શોષ ખાડાના નિયમને કારણે કામગીરીમાં ભારે રૂકાવટ

તંત્રએ ભરચક પ્રયાસ કર્યા હોવા છતાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન દરેક વર્ષે ૯ થી ૧૦ ટકા જ કામગીરી થઈ શકી છે તે પણ એક કડવી વાસ્તવિકતા છે.

જિલ્લામાં હવે શૌચાલય વિનાના કેટલા આવાસો તેવા તંત્ર દ્વારા તાજેતરમાં કરાયેલા એક સર્વેમાં જે વિગતો બહાર આવી છે તેમાં

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com